# એસ.ટી.ની સીએનજી બસ ૧૫ દિવસમાં ૭ વાર ખોટવાઈ

### એસ.ટી.ની સલામત સવારી ધક્કા ગાડીની જેમ ૩૦ની સ્પીડે ચાલે છે : કીલોમીટર પુરા થયા બાદ પણ બસ ચલાવાય છે : : નોકરીયાતો ત્રાહીમામ



ગાંધીનગર તા ૨૫

સલામત સવારી એસ ટી અમારી ના સ્લોગન સાથે મુસાફરોને સમયસર અને નિયમિત બસ સેવા પુરી પાડવામાં આવતી હોવાના બણગાં એસ ટી નિગમ દ્વારા ફૂંકવામાં આવે છે.જયારે બીજીતરફ એસ ટી બસની કંડમ હાલત મુસાફરો માટે આફતરૂપ બની છે. ડી એસ પી ઓફિસ થી અમદાવાદ રૂટમાં જવા સવારે ૯ કલાકે ઉપડતી બસ છેલ્લા ૧૫ દિવસમાં ૭ વાર ખોટવાતા અપડાઉનકર્તાઓ તોબા પોકારી ગયા છે.જેના લીધે નોકરીયાતો ઓફિસમાં

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં અસહ્ય ઉકળાટથી નગરજનો ભારે પરેશાન

### નગરમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીથી નીચે ઉતરવા તૈયાર નથી : રાત્રિના સમયે પણ ઉકળાટ ભરેલી ગરમીના કારણે નગરજનોની ઊંઘ હરામ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં આજે પણ અસહ્ય ગરમીનું મોજુ યથાવત રહેવા પામ્યુ હતુ. મહત્તમ તાપમાન આજે ૪૨.૪ ડિગ્રી સે. નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સે. રહેવા પામ્યું હતું. આ સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૬૩ ટકા જેટલુ રહેતા બફારાની પરિસ્થિતિ જણાતી હતી.

હજુ પણ નગરમાં દિવસના સમયની ગરમીની સાથે રાત્રે પણ તાપમાન ઘણુ ઊંચુ રહેવા પામે છે જેના કારણે નગરજનોને અકળાવનારા ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે અને રાત્રિની ઊંઘ પણ યોગ્ય પ્રમાણમાં લઈ શકાતી નથી. આ ઉપરાંત બફારાના કારણે શરીરે પરસેવાનું પ્રમાણ વધવાથી ચામડીને લગતા વિવિધ ઈન્ફેક્શનની અસર થઈ રહી છે જે અકળામણમાં વધુ ઉમેરો કરે છે. સાંજે કામેથી પરત ફર્યા પછી નગરજનોએ ફરિજીયાત સ્નાન કરવું પડે છે, અને આમ કરવા છતાં પણ પરસેવામાંથી છુટકારો મળતો નથી. જે નગરજનો એસી વાપરે છે તેઓએ પણ હવે પહેલાની જેમ ટુકડે ટુકડે એસી ચલાવવાના બદલે આખી રાત એસી ઓન રાખવુ પડે તેવી સ્થિતિ સર્જાવા પામી છે.

બપોરના સમયે હીટવેવ હવે રોજીંદો બની ગયો છે અને ૧ વાગ્યાથી ૫ વાગ્યાના સમય દરમ્યાન ટ્રાફિકનું પ્રમાણ માર્ગો પર નહીવત થઈ જવા પામે છે. દિવસ દરમ્યાન પહેલા માત્ર મહિલા વાહન ચાલકો ચહેરા પર દુપટ્ટા બાંધીને ફરતી જોવા મળતી હતી તેની સાથે હવે તો યુવાનો માટે પણ પુરો ચહેરો ઢંકાઈ જાય અને માત્ર આંખો ખુલ્લી રહી શકે તેવી બારી સાથેના રંગબેરંગી ફેસ માસ્ક બજારમાં ઉપલબ્ધ થતાં તે પહેરીને બાઈક લઈ દોડતા યુવાનો નજરે ચઢી રહ્યા છે. ઉનાળાની આકરી ગરમી તેનુ રોદ્ર સ્વરૂપ છોડવા તૈયાર નથી જેના કારણે નગરમાં ઉનાળાના અવનવા સ્વરૂપો જોવા મળી રહ્યા છે.

# ઓફિસ આસીસ્ટન્ટને નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા



ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજય સેવામાં ઓફિસ આસીસ્ટન્ટસ તરીકે ભી કરાયેલી કેડરમાં તથા નાયબ મામલતદાર તરીકે નવી નિમણૂંક પામી રહેલા યુવા કર્મયોગીઓને પોતાના જ્ઞાન-કૌશલ્યનો વિનિયોગ -માણિકતા અને નિષ્ઠાથી જનસેવા હેતુ કરીને ગતિશીલ સુશાસનની અનૂભુતિ જન-જનને કરાવવા -રક આહવાન કર્યુ છે.

રાજય સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરની સફળતમ પરિપાટીએ ગૌણ સેવા પસંદગી મંડળની સ્પર્ધાત્મક પરિક્ષામાં ઉર્તિણ થયેલા ૨૦૦ ઉપરાંત યુવા કર્મયોગીઓને શ્રીમતી આનંદીબહેન પટેલે ગાંધીનગરમાં આજે નિમણૂંક પત્રો એનાયત કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ કહયું કે, અગાઉના વરસોમાં નિયમીત ભરતી -ક્રિયા ન થવાના કારણે અનિયમીતતા અને સ્થગીતતાની

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર માણસા માર્ગનું વાઇડનીંગ થશે

### રસ્તાને ૧૦ મીટર પહોળો કરવા ૧૫ કરોડ ખર્ચાશે

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર શહેર ઉપરાંત જિલ્લાના માર્ગોની મરામત માટે પણ સમયાંતરે કામ હાથ ધરવામાં આવે છે. શહેરી માર્ગોને ચકાચક બનાવવા માટે પણ તંત્ર દ્વારા થોડા સમય અગાઉ જ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.જયારે જિલ્લાને જોડતા અન્ય માર્ગોના નવિનીકરણ માટે ટૂંકમાં કામ હાથ ધરવામાં આવશે. જિલ્લાના રાંધેજા-બાવળા-માણસા માર્ગને પહોળો કરવા રૂપિયા ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

જિલ્લામાં તબક્કાવાર માર્ગોના વાઈડનીંગ તેમજ નવિનીકરણનું કામ હાથ ધરવામાં આવે છે.શહેરી વિસ્તાર સાથે જિલ્લા મથકોને જોડતા રસ્તાઓની સુધારણાની કામગીરી તરફ પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.હાલ પેથાપુર મહુડી માર્ગને ફોરલેન બનાવવાની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. ચાલુ મહિનાના અંતમાં આ કામગીરી પૂર્ણ કરી દેવાશે.જયારે જિલ્લામાં અન્ય માર્ગોના નવિનીકરણની દરખાસ્ત સંદર્ભે પણ વિભાગ દ્વારા કામો મંજુર કરવામાં આવ્યા છે. જેમાં વિભાગ કક્ષાએથી ગાંધીનગર રાંધેજા બાવળા માણસા માર્ગને પહોળો કરવાની કામગીરી સંદર્ભે સૈધ્ધાંતિક મંજુરી આપી દેવાતા આગામી દિવસોમાં વહિવટી મંજુરીના અંતે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. અગાઉ આ માર્ગને ફોરલેન બનાવવાની વિચારણા હાથ ધરવામાં આવી હતી.પરંતુ ખર્ચ

● અનુસંધાન પાન-૭ પર

# આજથી 'જનકલ્યાણ પર્વ'નો રાજ્યમાં પ્રારંભ

### અમીતભાઈ શાહ સુરત, અરૂણ જેટલીજી કર્ણાવતી, પુરુષોત્તમ રૂપાલા ગાંધીનગર ખાતે સંબોધન કરશે

ગાંધીનગર, તા. ૨૫

પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું કે, આવતીકાલે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારને એક વર્ષ પૂર્ણ થશે. કેન્દ્ર સરકારની આ એક વર્ષની કાર્યસિદ્ધિને રાજ્યના મહાનગરો અને જિલ્લા મથકોએ જનકલ્યાણ પર્વના કાર્યક્રમો યોજાશે. રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી રાજનાથસિંહજી, કેન્દ્રીય નાણાંમંત્રી શ્રી અરૂણ જેટલીજી અને પ્રદેશ પ્રભારી શ્રી ડૉ. દિનેશજી શર્મા સહિત કેન્દ્રીય અને રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ અને પ્રદેશ આગેવાનોની પત્રકાર પરિષદ, પ્રબુદ્ધ નાગરિક સંમેલનો અને જાહેર સભાને સંબોધશે.

શ્રી જાડેજાએ જનકલ્યાણ



પર્વની વિગતો આપતા જણાવ્યું હતું કે, આવતીકાલ તા. ૨૬ મે ૨૦૧૫ને મંગળવારના રોજ કેન્દ્રીય નાણામંત્રી શ્રી અરૂણ જેટલીજી અને પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી આઈ.કે. જાડેજા કર્ણાવતી મહાનગર ખાતે, પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશજી શર્મા, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી કૌશિકભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી શ્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ વડોદરા શહેર ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલનને સંબોધશે.

તા. ૨૭ મે, ૨૦૧૫નો બુધવારના રોજ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ, ડૉ. દિનેશજી શર્મા, પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહ પરમાર સુરત મહાનગર ખાતે સાંજે જાહેરસભાને સંબોધશે. કેન્દ્રીય મંત્રીશ્રી મોહનભાઈ કુંડારીયા અને પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી. પટેલ મહેસાણા અને શ્રી મોહનભાઈ કુંડારીયા આણંદ ખાતે, ખેડા ખાતે શ્રી ડૉ. દિનેશજી શર્મા અને શ્રી



શબ્દશરણ બ્રહ્મભટ્ટ જયારે ભાવનગર મહાનગર ખાતે શ્રી કૌશિકભાઈ પટેલ અને રાજય સરકારના મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી પ્રબુદ્ધ નાગરિક સંમેલનને સંબોધશે.

તા. ૨૮ મે ૨૦૧૫નો ગુરૂવારના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી રાજનાથસિંહજી, શ્રી ડૉ. દિનેશજી શર્મા રાજકોટ ખાતે જાહેરસભાને સંબોધશે. રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા ગાંધીનગર શહેર ખાતે, કેન્દ્રીય મંત્રીઓ સર્વ શ્રી હરિભાઈ ચૌધરી પાલનપુર ખાતે, શ્રી મનસુખભાઈ વસાવા દાહોદ ખાતે, શ્રી મોહનભાઈ કુંડારીયા અમરેલી ખાતે અને રાજ્ય સરકારના મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી વેરાવળ ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલનને સંબોધશે.



તરસ્યાને ટાઢક - ઉનાળાની આકરી ગરમીમાં પાણીની તરસ વારંવાર અનુભવાય છે... સામાન્ય સમય કરતાં ઉનાળાના મે મહિનામાં પાણીનો વપરાશ બમણો થાય છે... માનવ જીવનમાં પાણીનું મહત્વ પણ ઉનાળામાં જ સમજાય છે... તરસ લાગે ત્યારે માણસ નર્વસ બની જાય છે અને પાણી પીતાની સાથે એક તાજગી અનુભવાય છે... પાણીની પરબ ગુજરાતી સંસ્કાર સાથે વણાયેલી છે... ઠેર ઠેર પરબો મંડાય છે... આવી જ એક પરબ પાર્કીંગના શેડમાં રાહદારીઓ માટે ઉભી કરાઈ છે... તસવીરમાં નિહાળી શકાય છે કે, પાણી પીવામાં તલ્લીન રાહદારી ચહેરા પર હાશકારો અનુભવે છે... (તસવીર : દિપક જાની)

# કોલવડા ઝુંપડાવાસીઓની આવાસ યોજના અન્વયે મકાનોનો કબજો લેવા પાટનગર યોજનામાં હોબાળો

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં ઝુંપડાવાસીઓને માથે પાકી છત પુરી પાડવા કોલવડા ગામની સીમમાં આવાસ યોજનાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષી થોડા સમય અગાઉ ડ્રો ની પ્રકીયા હાથ ધરવામાં આવી હતી.જયારે યોજનાના લાભાર્થીઓને મકાનો ફાળવવામાં આવ્યા હતા. આજે આ મકાનાનો કબજો મેળવવા પાટનગર યોજના ભવનમાં ઝુંપડાવાસીઆનું ટોળું ઉમટ્યું હતું. જેના લીધે હોબાળો મચી જવા પામ્યો હતો.જોકે અધિકારીઓની સમજાવટના અંતે તબક્કાવાર કબજો સોપવાની જાહેરાત થતા મામલો થાળે પડયો હતો.

### લાભાર્થીઓને તબક્કાવાર મકાનોનું પઝેશન અપાશે

શહેરમાં કોલવડા ગામની સીમ નજીક ઝુંપડાવાસીઓ માટે આવાસ યોજનાનું નિર્માણ કરવામાં આવ્યું છે. અંદાજિત રૂપિયા ૪૦ કરોડના ખર્ચે ૮૦૦ જેટલા મકાનો બાંધવામાં આવ્યા છે.જયારે આ મકાનો લાભાર્થીઓને ફાળવવા માટે થોડા સમય અગાઉ ડ્રો ની પ્રકીયા પણ હાથ ધરવામાં આવી હતી.

આ દરમિયાન લાભાર્થીઓને મકાન ફાળવવામાં આવ્યા હતા.ઝુંપડાવાસીઆની આવાસ યોજના અન્વયે લાભાર્થીઓને પાણી રસ્તા પાર્કીંગ સહિતની જરૂરી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

કરોડોના ખર્ચે ઝુંપડાવાસીઓને માથે છત પુરી પાડવા આવાસ યોજના તૈયાર કરવામાં આવ્યા બાદ લાંબા સમય સુધી લાભાર્થીઓની યાદી તૈયાર ન થતા રોષ પ્રવર્તયો હતો. જો કે આ સઘળી પ્રકીયા પૂર્ણ થયા બાદ ડ્રો ના અંતે હાલ લાભાર્થીઆમાં મકાનનો કબજો મેળવવાની ઉતાવળ આવી છે. આજે પાટનગર યોજના ભવનમાં મકાનોનો કબજો મેળવવા માટે લાભાર્થીઓની ભીડ જામી હતી.જો કે તંત્ર કક્ષાએથી તબક્કાવાર મકાનોનો કબજો આપવાની જાહેરાત થતા મામલો થાળે પડયો હતો.

# નારાયણ સાંઈને કામચલાઉ જામીન

### ત્રણ સપ્તાહ માટે કામચલાઉ જામીન મળ્યા : રેપ કેસમાં ડિસેમ્બર ૨૦૧૩થી જેલમાં રહેલા નારાયણ સાંઈ આજે જેલથી બહાર આવી શકે : ઘણી શરતો લદાઈ

અમદાવાદ,તા. ૨૫

બળાત્કારના કેસમાં જેલની હવા ખાઈ રહેલા જાતે બની બેઠેલા ગોડમેન આસારામના પુત્ર નારાયણ સાંઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા કામચલાઉ રાહત મળી ગઈ છે. ગુજરાત હાઈકોર્ટે આજે નારાયણ સાંઈને ત્રણ સપ્તાહ માટે કામચલાઉ જામીન આપી દીધા હતા. પોતાની બિમાર રહેલી માતાને મળવાની ઈચ્છા ધરાવે છે તેવી માંગણી કરીને નારાયણ સાંઈએ રજુઆત કરી હતી. નારાયણ સાંઈના માતા સર્જરી કરાવનાર છે.

સ્ટીસ આર.એમ. પંચોલીએ સાંઈને કામચલાઉ જામીન આપી દીધા હતા. તેના જામીનના ગાળા દરમિયાન પણ નારાયણ સાંઈ પોલીસ ચકાસણી હેઠળ રહેશે. કોર્ટે આદેશ કરતા કહ્યું છે કે, જો તેની માતાની સર્જરી નહીં થાય તો સુરતની જેલમાંથી મુક્તિની તારીખથી ચાર દિવસની અંદર કોર્ટમાં સરેન્ડર કરવા સાંઈને કહેવામાં આવ્યુંછે.સાંઈને કોર્ટના નિયમો પાળવાનો આદેશ કરવામાં આવ્યો છે. ડિસેમ્બર ૨૦૧૩થી જેલમાં રહેલા નારાયણ સાંઈને આવતીકાલે સુરતની જેલમાંથી મુક્ત કરવામાં આવી શકે છે.
















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com